+91 8000336677
info@jahernotice.com
vce.jahernotice.com

# સવાલ તમારા, જવાબ અમારા

**પ્રશ્ન ૧:** શું મારી જમીન/મિલકત ની સુરક્ષા જરૂરી છે?

**ઉત્તર ૧:** તમારી જમીન સૌથી મૂલ્યવાન વસ્તુ છે કે જે તમને વારસામાં મળે છે અથવા તમારા જીવનકાળ દરમિયાન તમે મહેનત થી મેળવો છો. જો તમારી જમીનને કંઇક થાય, તો તમે બધું જ ગુમાવી દેશો. આજના સમયમાં, તમારી જાણ બહાર તમારી જમીન/મિલકત ને લગતા સોદાઓ થવાની સંભાવના વધારે છે. પરંતુ જો તે તમારી જાણ બહાર થાય અને તમને તે પાછળ થી ખબર પડે, તો તમારે લાંબી કાયદાકીય લડત નો સામનો કરવો પડશે અને નાણાંકીય નુકશાન પણ વેઠવું પડશે. તેથી તમારી જમીન/મિલકત ની સુરક્ષા તો તમારે જરૂરથી કરવીજ પડશે.

**પ્રશ્ન ૨:** હું મારી જમીન/મિલકત ને કેવી રીતે સુરક્ષિત કરી શકું?

**ઉત્તર ૨:** તમે તમારી જમીન/મિલકત ને બે રીતે સુરક્ષિત કરી શકો છો પ્રાથમિક સુરક્ષા અને સર્વોચ્ચ સુરક્ષા. પ્રાથમિક સુરક્ષા કોઇ પણ સોદાઓથી તમારી મિલકતને રક્ષણ આપે છે કે જે જાહેર પ્લેટફોર્મ (છાપામાં જાહેરનોટીસ આપી સોદો કરવામાં આવે છે તે) પર થાય છે. સર્વોચ્ચ સુરક્ષા તમારી મિલકતના સરકારી પ્લેટફોર્મ પર થતા કોઈપણ વ્યવહારોથી તમને વાકેફ કરી તમારી જમીન/મિલકત ને સુરક્ષિત રાખે છે.

**પ્રશ્ન 3:** મેં પસંદ કરેલ પેકેજ ને બદલ્યા વગર હું અન્ય મિલકત/સર્વે નંબરો કઈ રીતે સુરક્ષિત કરી શકું છું?

**ઉત્તર 3:** અમે તમારી જરૂરિયાતને આધારે શ્રેણીબદ્ધ પેકેજીસ બનાવેલ છે. તે પેકેજીસની અંદર તમને **'એડ ઓન'** નો વિકલ્પ મળશે જેમાં તમે સુરક્ષિત કરવા માટે અન્ય મિલકત/ સર્વે નંબરો ઉમેરી શકો છો.

**પ્રશ્ન ૪:** જો મારે એકવાર દાખલ કરેલ સર્વે નંબર/મિલકત ને સુધારી/DELETE કરવી હોય તો શું કરવું પડશે?

**ઉત્તર ૪:** તમને જે પેકેજ લાગુ પડતું હોય તે પ્રમાણે, તમે તમારા સર્વે નંબર/મિલકત ને સરળતાથી સુધારી/DELETE કરી શકો છો, ફક્ત DELETE બટન પર ક્લિક કરો અને તે જગ્યા એ નવી મિલકત/સર્વે નંબર ની વિગતો એડ કરી શકો છો.

**પ્રશ્ન ૫:** શું તમે મને મારી મિલકત ના પબ્લિક પ્લેટફોર્મ અને સરકારી પલટફોર્મ પર કોઈ પણ સોદા થાય તો તેની જાણકારી તરતજ મળે તેવી સુવિધા પુરી પાડો છો?

**ઉત્તર ૫:** પબ્લિક પ્લેટફોર્મ માટે, હા, જ્યારે તમારી રજિસ્ટર્ડ જમીન/મિલકત અંગેની જાહેર નોટિસ આવશે ત્યારે અમે તમને ફોન કોલ, SMS અને ઇમેઇલ દ્વારા તાત્કાલિક જાણ કરીશું. પરંતુ સરકારી પ્લેટફોર્મ માટે, જો તમે સર્વોચ્ચ સુરક્ષાનો વિકલ્પ પસંદ કર્યો હશે તો અમે છેલ્લા એક વર્ષમાં તમારી મિલકત પર થયેલા સોદાઓનો સારાંશ અહેવાલ સમયાંતરે (એક વર્ષમાં એકવાર) તમને મોકલી ને તમારી જમીન/મિલકત ને સુરક્ષિત કરવામાં મદદરૂપ થઇશુ.

**પ્રશ્ન ૬:** હું મારા વાર્ષિક લવાજમ પેકેજ ની ચુકવણી કેવી રીતે કરી શકું?

**ઉત્તર ૬:** અહીંયા ચુકવણી માંટેના ત્રણ વિકલ્પો આપેલ છે, તમે તમારી પસંદગીના કોઈપણ વિકલ્પનો ઉપયોગ કરી શકો છો. **વિકલ્પ 1: રોકડ ચુકવણી, વિકલ્પ 2: ચેક અને વિકલ્પ 3: પેટીએમ**

**પ્રશ્ન ૭:** મેં વાર્ષિક લવાજમ ની ચૂકવણી કરેલ છે તેની રસીદ મને મળશે?

**ઉત્તર ૭:** હા, ચુકવણી માટે શ્રેષ્ઠ વિકલ્પ નક્કી કર્યા પછી તમારે **VCE** ને જાણ કરવાની રહેશે ત્યારબાદ **VCE** તમારી વિગતો ભરેલ અરજી, રોકડ રકમ કે ચેક તમારી પાસેથી મેળવી લેશે. તમને તમારા મોબાઇલ પર એસએમએસ દ્વારા ચુકવણી કર્યા ની રસીદ મળશે. રસીદની એક કૉપિ તમારા વ્હોટ્સઅપ નંબર (જો ઉપલબ્ધ હોય તો) અમારી પાસે રજીસ્ટર કરાવેલ હશે તો તેના પર મોકલવામાં આવશે.

+91 8000336677
info@jahernotice.com
vce.jahernotice.com

**પ્રશ્ન ૮:** શું જમીન/મિકલત ની સુરક્ષા સેવા મને મારી મિલકતને ગેરકાયદેસર કબ્જા માંથી બચાવવા માટે સક્ષમ બનાવે છે?

**ઉત્તર ૮:** ના, અમે ફક્ત તમારી મિલકતને શંકાસ્પદ જાહેર વ્યવહારોથી સુરક્ષિત કરવામાં મદદ કરીએ છીએ અને સક્રિય રહીને તમારી જમીન/મિલકત પર થઈ શકે તેવા કોઈ પણ શંકાસ્પદ સોદાઓ અથવા ગેરકાયદેસર વ્યવહારો વિશે તમને માહિતગાર કરીએ છીએ. અમે તમને તમારી મિલકતના સરકારી રજિસ્ટર્ડ દસ્તાવેજો વિશેની સતત માહિતી આપતા રહીશુ જેથી તમે સમયસર સુધારાત્મક પગલાં લઈ શકો.

**પ્રશ્ન ૯:** **'ગામ/વિસ્તાર ની જાહેરનોટીસ'** સેવા મારા માટે કેવી રીતે ઉપયોગી છે?

**ઉત્તર ૯:** તમારા ગામ/વિસ્તાર માટે પ્રસિદ્ધ થતી રોજે-રોજ ની જાહેરનોટીસો મેળવો, તમારા ગામ તેમજ તમારા સર્વે નંબરની નજીકના સર્વે નંબરોના સોદાઓની માહિતી મેળવો, બજારમાં થતી લેવડ-દેવડ ના આધારે જમીન કે મિલકત ના ખરીદ/વેચાણ નો નફાકારક નિર્ણય કરો.

**પ્રશ્ન ૧૦:** ગામ/વિસ્તાર ની જાહેરનોટીસો તમે કયા અખબારો/પ્રકાશનો માંથી મેળવો છો?

**ઉત્તર ૧૦: 'ગામ/વિસ્તાર ની જાહેરનોટીસ'** સેવા માટેની જાહેરનોટીસો એકત્ર કરવા માટે અમે તમામ વ્યાપક સ્વીકૃત/પ્રત્યાર્પિત સરકારે મંજૂર કરેલા દૈનિક અખબારો અને અન્ય પ્રકાશનો નો ઉપયોગ કરીએ છીએ.

**પ્રશ્ન ૧૧:** ટાઇટલ સર્ચ ની સેવા મારા માટે કેવી રીતે ઉપયોગી છે?

**ઉત્તર ૧૧:** જો તમે જમીન ખરીદવા માંગતા હોય અને એ પણ વકીલ ની પાસે વિગતવાર ટાઇટલ સર્ચ કરાયા પહેલા, તો તે જમીન પર અગાઉ થયેલ સોદાઓની જાણકરી મેળવી ને તમે નિર્ણય લઇ શકો છો કે તે જમીન ખરીદવા લાયક છે કે નહિ.

**પ્રશ્ન ૧૨:** શું હું મારા રજિસ્ટર્ડ થયેલ એકાઉન્ટ માં વધારે મોબાઇલ નંબર ઉમેરી શકું?

**ઉત્તર ૧૨:** હા, અમારા વ્યાજબી દરો ના પેકેજીસમાં તમારા રજિસ્ટર્ડ એકાઉન્ટમાં વધુ મોબાઇલ નંબર ઉમેરવાનો વિકલ્પ છે. વધુ મોબાઇલ નંબરો ઉમેરવા માટેના વધારાના દરો માટે તમારા **VCE** નો સંપર્ક કરો.

**પ્રશ્ન ૧૩:** શું હું અન્ય જીલ્લાઓમાં મારી જમીન/મિલકતને પણ સુરક્ષિત કરવા માટે સક્ષમ છું?

**ઉત્તર ૧૩:** હા, તમે અન્ય જિલ્લાઓમાં આવેલ તમારી જમીન/મિલકતને સુરક્ષિત રાખવા સક્ષમ છો. તમારા રજિસ્ટર્ડ ખાતામાં વધુ જિલ્લાઓ ઉમેરવા માટેનો દર જાણવા માટે તમારા **VCE** નો સંપર્ક કરો.

**પ્રશ્ન ૧૪:** જમીન/મિલકત ના કામ માંટેના નિશ્રણાંત વકીલ ને શોધવાની અલગ અલગ પદ્ધતિઓ કઇ છે?

**ઉત્તર ૧૪:** તમે જમીન/મિલકત ના કામ માંટેના વકીલ, જે-તે વકીલ નું નામ, કાર્યરત વિસ્તાર તથા પિન કોડ જેવા વિકલ્પો મારફતે શોધીને તમારા જમીન/મિલકત ને લગતા કામો પાર પડી શકો છો.

**પ્રશ્ન ૧૫:** શું મને vce.jahernotcie.com પર મારી જમીન/મિલકત ના પ્રોપર્ટી રેકોર્ડ્સ ની વિગતો મળી રહેશે?

**ઉત્તર ૧૫:** ના, તમે તરત જ અમારી વેબસાઇટ પર તમારી રજિસ્ટર્ડ જમીન/મિલકત ના પ્રોપર્ટી રેકોર્ડસ ની વિગતો મેળવી શકશો નહીં. પરંતુ તમારી પાસે અમારી વેબસાઈટમાં **'પ્રોપર્ટી રેકોર્ડ' પેજ** માંથી **પ્રોપર્ટી રેકોર્ડ સેવા** ની વિનંતી કરવાનો વિકલ્પ છે. જ્યારે તમે કોઇ પણ સેવા માટે વિનંતી કરો છો, તો અમારા પ્રતિનિધિ તમારા વતી દસ્તાવેજો એકત્ર કરવાની પ્રક્રિયા શરૂ કરતા પહેલા તે સેવા અને તેને લાગુ પડતા દરોની ખાતરી કરવા માટે તમારો સંપર્ક કરશે.



/jahernotice • /+jahernotice
BG-4, The Acropolis, Thaltej Cross Road, S.G.Highway, Ahmedabad-380054
Headquarter: Stamford, CT, USA • Ahmedabad, Mumbai, Pune, Hyderabad